Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું
અંક ૬
૧૦ એપ્રીલ

ચૈત્ર

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
સ. ૧૯૬૭

(૧૧૦) मुहुं मुहुं मोहगुणे जयन्तं, अणेगरूवा समणं चरन्तं ।
फासा फुसन्ती असमंजसं च, न तेसि भिक्खू मणसा पउस्से ॥१०॥

૧૧૦. મોહના સ્વભાવ ઉપર જય પ્રાપ્ત કરવાને સાધના કરતા ભારે પુરુષાર્થી શ્રમણને ઘણીવાર અનેક પ્રકારનાં અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોરૂપ સ્પર્શો અર્થાત્ વિઘ્નો સાધનામાં અવ્યવસ્થા થાય એવી ભારે નડતર ઉભી કરે છે. તેમ છતાં ય મોહ ઉપર વિજય મેળવવા નીકળેલા ભિક્ષુએ, તે વિઘ્નો તરફ મનથી પણ દ્વેષ ન કરવો. અર્થાત્ ભિક્ષુએ, તે વિઘ્નો તરફ ચીડ ન કરતાં પોતાના લક્ષ્ય તરફ જ આગળ વધ્યે જવું.

—મહાવીર વાણી

પ્રગટકર્તા
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો–લેખાંક : ૨૨ | (સ્વ. મૌક્તિક) | ૩૯ |
| ૨ | ધ્યાનનું ગૂઢ રહસ્ય | (દીપચંદ જીવણલાલ શાહ) | ૪૩ |
| ૩ | સ્થાનિક સમાચાર | .... | ૪૮ |
| ૪ | જિનપ્રભસૂરિ કૃત સાતસો સ્તોત્રો | (હીરાલાલ ર. કાપડિયા) | ૫૧ |


(અનુસંધાન ટાઈટલ પેજ ૪ થી શરૂ)

શ્રેષ્ઠ જ્યોતિર્ધર જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ આજથી બારસો વર્ષ પહેલાં થયાં હતાં. ૧૪૪૪ જેટલા ગ્રંથોની રચના દ્વારા તેમણે જૈન સમાજને વિવિધ જ્ઞાન આપ્યું હતું. તેઓ "ભવવિરહ" અને "ભવવિરહાંક" જેવા અપર નામોથી પ્રસિદ્ધ છે. તેમણે પદ્યમય પ્રાકૃત ભાષામાં વિવિધ સરસ બોધ આપનારી समराइच्चकहा નામની દશ હજાર શ્લોક પ્રમાણવાળી વિશિષ્ટ કથા રચી હતી જેનો આ ગ્રંથ ગુજરાતી અનુવાદ છે. સમરાદિત્યના નવ ભવો સાથે સંબંધવાળી, સંસારના વિવિધ સ્વરૂપનો ખ્યાલ કરાવનારી, કર્મના ગહન તત્ત્વને સમજાવનારી વિવિધ કથાઓની આ ગ્રંથમાં વિશિષ્ટસંકલના છે. આરાધક અને વિરાધક જીવની શુભ અશુભ કરણીને અને તેના ફળ–વિપાકને સૂચવનારો ચોરી, જુગાર, માંસાહાર વગેરેથી થતા અનર્થોને જણાવનારો આ ગ્રંથ જિજ્ઞાસુઓને સાદ્યંત વાંચવા–વિચારવા યોગ્ય છે.

એમ કહેવાય છે કે આચાર્ય હરિભદ્રસૂરિ પછી થયેલા અનેક આચાર્યોએ તેમની સમરાદિત્ય કથાનું સન્માનપૂર્વક સંકલન કર્યું છે. વળી તેમણે ૧૪૪૪ ગ્રંથો રચવાની પ્રાયશ્ચિતરૂપે પ્રતિજ્ઞા કરી હતી પણ ૧૪૪૦ ગ્રંથો રચ્યા પછી ચાર ગ્રંથો બાકી રહ્યા હતા તેથી અંત સમયે તેમણે "સંસાર દાવાનલ" શબ્દથી શરૂ થતી ચારે સ્તુતિઓ બનાવી તેમાં ચોથી શ્રુતદેવીની સ્તુતિનું પ્રથમ ચરણ રચાયું કે તેમની બોલવાની શક્તિ બંધ થઈ ગઈ તેથી ત્રણ ચરણરૂપ બાકીની સ્તુતિ તેમનાં હૃદયના અભિપ્રાય મુજબ સંઘે પૂરી. ત્યારથી સાંજના પ્રતિક્રમણના લગભગ અંત સમયે "ઝંકારા" શબ્દોથી માંડીને બાકીની સ્તુતિ સંઘ દ્વારા ઉચ્ચ સ્વરે બોલાય છે. તેમની ઘણી ખરી કૃતિઓમાં "ભવ–વિરહ" શબ્દ સંકેતરૂપે વપરાયેલો છે તે શબ્દ આ છેલ્લી સ્તુતિમાં પણ વપરાયેલ છે.

---


## રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

**"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો–ભાવનગર.

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની દશમી તારીખે.

૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું દાણાપીઠ પાછળ, ભાવનગર.
કયા દેશના–ભારતીય.

૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
કયા દેશના–ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.

૬. માસિકના માલિકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.

હું દીપચંદ જીવણલાલ શાહ. આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૦–૪–૬૭ દીપચંદ જીવણલાલ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૩ મું<br>અંક ૬ | ચૈત્ર | વીર સં. ૨૪૯૩<br>વિક્રમ સં. ૨૦૨૩ |
|---|---|---|


## શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૨ જો : : લેખાંક : ૨૨

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આ ગણતંત્રની આખી રચના પર આપણે આગળ વિચાર કરશું, પણ અત્યારે જે પ્રજાસત્તાક રાજ્ય ચાલે છે તેવા પ્રકારનો અનુભવ ભારતને અત્યારે જ થાય છે એમ નથી, ગણરાજ્ય અથવા લોકતંત્રના અનુભવો ભારતને પૂર્વકાળમાં પણ કોઇ કોઈ સ્થળે મળી ચૂક્યા છે. આ વાત સમજવા જેવી છે અને તે મુદ્દા પર આગળ ખૂબ વિચારણા કરવાનો પ્રસંગ ધરશું. વર્દ્ધમાને અને બુદ્ધે ગણતંત્રનો સારો લાભ ઉઠાવી ખૂબ સુંદર નામના કરી એ આ અનુવ્રતને અંગે ખાસ વિચારવા યોગ્ય છે.

મહાવીર-વર્દ્ધમાને ત્રણ ગુણવ્રત પાળ્યાં, એ પાંચે અનુવ્રતને પુષ્ટ કરનાર વ્રત છે. પ્રથમના ગુણવ્રતમાં અથવા છઠ્ઠા વ્રતમાં દિશા પ્રમાણ થાય છે. એમાં પૂર્વ-પશ્ચિમાદિ ચારે દિશાએ ક્યાં સુધી જવું, સર્વ વિદિશાએ ક્યાં સુધી જવું, તેમજ ઉપર નીચે કેટલું જવું તે નક્કી થાય છે. તેમાં જ્યાં સુધી જવાની હદ બાંધેલ હોય છે તે બહારના ભાગમાં પોતાનું રૂપ દેખાડી કે અવાજ કરી અથવા કાંકરો નાંખી પોતાની હાજરી હદ પર જણાવાય નહિ અને જવાય તો નહિ જ, આવી રીતે સર્વ દિશાએ જવાનો નિયમ કરવો એ પ્રથમ ગુણવ્રત છે અને છઠ્ઠું વ્રત છે. આ નિયમને લઇને બાંધેલ હદની બહાર પોતાને જવાનું થતું નથી એને લઇને એમાં થતાં કોઇ પાપનું પણ તેમને કાર્ય થતું નથી અને તેના કારણિક થવાનો દોષ લાગતો નથી. મુકરર કરેલી મર્યાદા બહાર પક્ષી હોય તો તેને ઉડાવાય નહિ અને કૂતરા કે વાંદરાને દોડાવાય નહિ એવો સખત નિયમ છે. આ રીતે ઉપર નીચે અને સર્વ દિશાએ અને વિદશાઓએ મર્યાદા બંધાઈ જાય છે. મહાવીરે આ રીતે પોતાની ચોતરફ જવા-આવવાની મર્યાદા બાંધી દીધી અને તેઓ તો પોતાની યુવાવસ્થામાં પણ તે હદને અતિક્રામ્યા નહિ અને તે હદની બહારના કોઈપણ કાર્યમાં રસ લીધો નહિ અને માણસને મોકલી કોઈ અન્ય એજન્ટો મારફત પણ કામ કર્યું નહિ કે કરાવ્યું નહિ અને બાંધેલ મર્યાદા-હદની અંદરજ પોતે સદૈવ રહ્યા. એરોપ્લેનના આ યુગમાં આ બાંધેલ મર્યાદા ચૂકી જવાય છે, પ્લેન તો ઉપર પણ હજારો ફીટને અંતરે જાય છે, તેથી આ મર્યાદા વિચારીને પોતાને અનુકૂળ હોય તે પ્રમાણે બાંધવી, પણ બાંધ્યા પછી તો ગમે તે ભોગે તેને વળગી રહેવું. તેઓએ તો બાંધેલ મર્યાદા બરાબર પાળી અને આ રીતે આ પ્રથમ ગુણવ્રતને અજવાળ્યું.

સાતમું વ્રત તે બીજું ગુણવ્રત બે પ્રકારનું છેઃ એક ભોગથી અને બીજો પ્રકાર કર્મથી સમજવાનો છે તેમાં પણ ભોગના બે પ્રકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેઃ એક ઉપભોગ અને બીજો પરિભોગ. જે વસ્તુ એકજવાર ભોગમાં લેવામાં આવે તે ઉપભોગની વસ્તુ કહેવાય છે. આહારાદિકની વસ્તુ એકજવાર ભોગવાય છે. ખાધું એટલે ખલાસ થઈ ગયું અને એકને એક વસ્તુ અનેકવાર ભોગવાય તે પરિભોગની વસ્તુ કહેવાય છે. એકને એક શય્યા અનેકવાર ભોગવાય છે, તેમજ એકની એક ખુરશી પણ અનેકવાર ભોગવાય છે, પરિ એટલે વારંવાર ભોગ કરવો. દાખલા તરીકે વિગય વગેરે ચીજો, પુષ્પ, ફલ કે ફૂલ તે સર્વને ઉપભોગ્ય વસ્તુઓ જાણવી અને વસ્ત્ર, સુવર્ણ, સ્ત્રી, ઘર આદિને પરિભોગની વસ્તુ જાણવી. વર્ધમાનકુમારે તો નિત્ય નિર્દોષ આહારજ કર્યો, તેમણે તો કદી સચિત્ત વસ્તુ વાપરી નહિ, પણ શાખ તો વાપર્યાં અને મદિરા માંસ અને અનંતકાયનો ત્યાગજ કર્યો. આ શ્રાવકનો ધર્મ ઘણો સુંદર છે અને તંદુરસ્તીની નજરે પણ અનુકરણીય છે અને વૈદ્યો દાકતરો કહે છે એ ખાસ સમજવા જેવું છે. પોતાથી ખાઈ શકાય તેવી ચીજમાં જેટલો બની શકે તેટલો સંકોચ કરવો અને ત્યાગની કે અલ્પતા કરવાની ભાવના રાખવી એ ગુણવ્રત છે અને બીજાં વ્રતોને પણ ગુણ કરે છે અને તેવોજ સંકોચ પહેરવાનાં વસ્ત્રોને અંગે કરવા જોગ છે. એમાં કદી ઉદ્ભટ-આકર્ષક વેશ તો કદિ પણ પહેરવો નહિ અને અનેક સાંધાવાળો વેશ મલીન હોઈ ત્યાજ્ય ગણાય છે. તેથી ઘણી જગાએ થીગડાં માર્યાં હોય તેવા કપડાનો વેશ પણ ન પહેરવો. પોતાની હદમાં શોભે તેવો જ ગૃહસ્થનો વેશ હોય અને આ નિયમને વર્ધમાન બરાબર જાળવી રહ્યા. ખૂબ રોષ ન કરવો, ખૂબ હાસ્ય ન કરવું અને અતિને સર્વમાં વર્જવું, તેમજ ખૂબ રાજી ન થઇ જવું અને દુર્જન માણસની સાથે સોબત કે વસવાટ ન કરવો એ સર્વ નિયમ મહાવીરે યુવાવસ્થા હોવા છતાં પણ પાળ્યાં. તેમણે અતિ જાડાં કપડાં પણ ન પહેર્યાં અને ખૂબ પાતળા વસ્ત્રો પણ ન પહેર્યાં; તેમજ ફાટેલાં કે થીગડાં મારેલાં કપડાં પણ તેમણે કદી પહેર્યાં નહિ, પણ છેલબટાઉ જેમ ઉઘાડે માથે કદી ફર્યાં નહિ અને ટોપી અથવા પાઘડી ઉઘાડી રાખી કે વાંકી રાખીને ચાલ્યા નહિ. તેમણે તેલનું મર્દન કરી શરીર શોભામાં વધારો કરવાનો કદી વિચાર સરખો પણ ન કર્યો અને પોતાના રાજકૂળને યોગ્ય વેશ પહેર્યો. ખાવાપીવાને અંગે તેઓ ઘણા મર્યાદિત હતા અને તે માટે બે વખત રોટલી, શાખ, ભાત જ ખાતા અને તાંદુલ તો ખાસ મંગાવીને ખાતા જ નહિ. મદ્ય તો તેમણે ક્ષત્રિય હોવા છતાં આખા જીવનમાં પીધો નહિ. અને માંસ ભક્ષણની તેઓએ વાત પણ કદી કરી નહિ, તેમજ ગળામાં માળા પહેરવી અથવા કાનમાં પુમડાં નાખવાની વિચિત્ર વાત તેમણે આખા જીવનમાં કદી કરી નહિ. જળચર, થળચર, કે ખેચર કોઈપણ જીવનું માંસ તેમણે આખા જીવનમાં ખપતું હોય ત્યારે પણ ખાધું નહિ અને મદ્યનું પાન કદી કર્યું નહિ. અભક્ષ્ય કોઈ વસ્તુ તેઓએ ખાધી નહિ અને ખાસ કરીને અભક્ષ્ય માટીને તેઓ અડ્યા પણ નહિ. ચારે મહા વિગય ( મદ્ય, માંસ, મધ અને માખણ ) એનો એમણે વસ્તુ પ્રાપ્ય હોવા છતાં આખા જીવનમાં ઉપયોગ કર્યો નહિ. અભક્ષ્ય ચીજો તબિયતને નુકસાન કરનાર છે, પણ ખાવામાં સારી લાગે છે; મહાવીરનાં જીવે તો આખા જીવન દરમ્યાન અભક્ષ્ય વસ્તુ ખાધી જ નહિ તેઓ તો કદિ હિમ કરા કે કોઈ ઠંડા પીણાંને અડ્યા પણ નહિ અને તેઓએ તો પ્રાશુક લુણ ( મીઠાં )નો જ આહાર કર્યો. તેઓ જમતી વખતે કદી મીઠું લેતા જ નહોતા અને આ રીતે સજીવ મીઠાનો તો તેમણે સદૈવ ત્યાગ કર્યો. વર્ધમાને કદિ સમજણમાં આવ્યા પછી રાત્રિ ભોજન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું જ નહિ. તેઓ સાંજે પણ દિવસ છતાં વાળુ કરી લેતા હતા. જ્યાં રાત્રિ ભોજનનો સર્વથા નિયમ હોય છે ત્યાં ભોજનને પચવા માટે પૂરતો સમય મળે છે એટલે તેઓની તંદુરસ્તી સારી રહી અને તેમને કોઈ વ્યાધિએ મુંઝવ્યા નહિ તેમજ બહુ બીજવાળી ચીજો–રિંગણા આદિ મહાવીરસ્વામીએ કદી ખાધાજ નહિ. તેમણે કદી બોળઅથાણાનું ભક્ષણ કર્યું નહિ અને કાચાગોરસમિશ્રિત વડાદિક પણ કદિ ખાધા નહિ. વૃંતાક એટલે રિંગણા નિદ્રા અને કામને વધારે છે તેનો તેમણે સર્વદા ત્યાગ કર્યો અને અજાણ્યાં ફળ તેમણે સર્વથા ત્યાગ કર્યા. તેમને મહુડાં જાંબુ આદિ તુચ્છ ફળ ખાવા ગમતાં નહિ, તેવી હલકી વસ્તુ ખાવા તેમને કદી ઇચ્છા જ થતી નહોતી. તેઓ તો નિયમસર બે વખત જમતા અને તેમાં પણ ઘણો સંયમ રાખતા. તેઓએ ચલિત રસ થઈ ગએલ અથાણાં કે વસ્તુઓનો ઉપયોગ ન કર્યો અને આ રીતે બાવીશે અભક્ષ્યનો ત્યાગ જ કરી નાખ્યો. આ ખાવાની બાબતના સંયમને લીધે તેમની તબિયત સારી રહી અને વૈદ્યને કદી સલાહ કરવા બોલાવવોજ પડ્યો નહિ. તેમજ બત્રીશે અનંતકાય ચીજોનો તેમણે કદી સ્પર્શ કર્યો જ નહિ. તેમણે તે વસ્તુ ખાધી કે વાપરી જ નહિ એટલે તેમણે અનેક જાતનાં કંદનો સર્વથા ત્યાગ કરી દીધો. આદુ મૂળા ગાજર સૂરણ કે ડુંગળી તેઓએ કદી ખાધી નહિ અને મૂળાનાં કાંદાને પણ તેઓ આજીવન અડ્યા જ નહિ. આ બાવીશ અભક્ષ્ય અનંતકાયનું વિગતવાર નામ નિર્દેશ સાથે એક પુસ્તક બહાર પડેલું છે તેમાં ઘણી વિગત આપી છે તે ત્યાંથી જોઇ લેવી. અર્થ દીપિકાના આ વિભાગમાં ઘણી વિગતો પણ આપવામાં આવી છે. બાહ્ય ભોગને અંગે ગંધવાસ, કસ્તુરી કે કપૂર અગરનો વર્ધમાને સર્વથા ત્યાગ કર્યો, અને જિહ્વા પર તેમણે એટલો અંકુશ રાખ્યો કે કોઈ કંદમૂળની સુકવણી કરવાનો તેમણે ખ્યાલ સુદ્ધાં ન કર્યો. વર્ધમાને આ ગુણવ્રતને અંગે પંદર કર્માદાનનો સર્વથા ત્યાગ કર્યો. તેઓ રાજા હોવા છતાં આ વસ્તુનો ત્યાગ કરી શક્યા તે વધારે પડતું લાગે, પણ જેથી કર્મો બહુ વધારે આવી પડે એવી વસ્તુનો તેમણે તો લાભ હોવા છતાં ત્યાગ કર્યો. એ પંદર કર્માદાનને આપણે સમજવા યત્ન કરીએ.

## પ્રકરણ ૧૯ મું.

### વીરનો ગૃહસ્થાશ્રમ ( ૪ )

હવે મહાવીરે જે પંદર કર્માદાનનો ત્યાગ કર્યો તે આપણે તપાસી જઇએ, રાજા જેવા અધિકારી માટે આ ઘણું મુશ્કેલ કામ છે એમ સમજીએ અને વર્ધમાનના ગૃહસ્થાશ્રમને આ રીતે વખાણીએ.

૧. અંગાર કર્મ. કુંભાર, લુહાર, સોનીની પેઠે કામ કરવું, આખો વખત અંગારા કરવાં અને અનેક જીવોનો ઘાત કરવો. ચુનાની કે કે ઇંટની ભઠ્ઠી કરવી, જેમાં અંગારા સાથે જ કામ કરવાનું હોય છે તે પ્રથમ કર્માદાન છે. પ્રાણીવધનું જે પ્રથમ અનુવ્રત લીધું છે તેની સાથે બંધ બેસતું આ કોઇ પણ કામ આવતું નથી અને મોટી ભઠ્ઠી કરી અત્યારે અનેક સાંચાકામ ચલાવવામાં આવે છે તે પણ એક પ્રકારનું અંગાર કર્મ છે. મહાવીરસ્વામીના જીવે પોતાની ઊગતી યુવાવસ્થામાં પણ આવાં કોઈ પણ અંગારાથી કરવાનાં કામને હાથ લગાડ્યો નહિ તેમ જ ઉત્તેજન આપ્યું નહિ એ પ્રથમ કર્માદાનનો ત્યાગ સમજવો. આ પ્રથમ અહિંસા વ્રતને ગુણ કરનાર હોઇ શ્રાવકને ખાસ ત્યાજ્ય છે.

૨. બીજા પ્રકારના કર્માદાનમાં વનકર્મ આવે છે. વનનાં પાંદડાં, પુષ્પ, ફળ વગેરે

For Private And Personal Use Only

વેચવા, બીજાને વેચાતાં આપવાં અને વાડી બગીચાની બાબતમાં રસ લઈ તેવી વસ્તુઓ વેચાતી લેવી તે સર્વ કાર્યનો વનકર્મમાં સમાવેશ થાય છે. રાજા જેવાને આનો ત્યાગ ઘણો મુશ્કેલ છે, પણ વર્ધમાનકુમારે તો પોતાની અમલદારી દરમ્યાન આવી કોઈ વસ્તુ લીધી નહિ અને વાડી બગીચા કરાવ્યા નહિં. આ તેમની સ્થિતિ સંયોગ પ્રમાણે ઘણું મહત્વનું સ્થાન ત્યાગને અંગે ધરાવે છે. આ વનકર્મ એ બીજુ કર્માદાન થયું. આ પંદરે કર્માદાનોમાં જીવવધ અનેક નિર્દોષ જીવોનો થાય છે અને આપણે ઉપર જણાવ્યું તેમ અહિંસા અથવા જીવવધના પ્રસંગથી દૂર રહેવું એ કેંદ્રસ્થાને છે, જ્યારે બીજાં વ્રતો તેના પોષણને અંગે ચારે બાજૂએ ફરી વળેલાં છે. આવી રીતે અહિંસા જળવાય તેની મુખ્યતા છે અને તે સતત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. વર્દ્ધમાનના જીવે એ અહિંસાનો પ્રસંગ ખાસ ધ્યાનમાં રાખ્યો, આગળ જતાં ઉપદેશ્યો અને ગૃહસ્થાશ્રમમાં તેનો અમલ કર્યો. કોઇને હિંસા થાય તેવા પ્રસંગનો આદેશ ઉપદેશ પણ ન આપ્યો અને એવાં કાર્યો કરનાર મોટા આગેવાન છે એ રીતે એની અનુમોદના પણ ન જ કરી.

૩. આ પંદર કર્માદાનમાં ત્રીજું ભાડી કર્મ અથવા ભાટક કર્મ આવે છે. તે કાળમાં ગાડાંનાં અંગો ઘડાવે એ ભાટક કર્મ હતું, અત્યારે તો મોટર કે બસ, શીઘ્રયાન (સગરામ) કે લારી અથવા સ્ટેશન વેગન જે અનેક જીવોનો સંહાર કરવાનાં સાધનો છે તેનો કોઇ ભાગ તૈયાર કરવો એ સર્વ ભાટકમાં સમાય છે. મોટરમાં બે હજાર ઉપરાંત વસ્તુઓ આવે છે. એવી જ રીતે સ્ટેશન વેગન, એરોપ્લેન કે લોરીના વિભાગો તૈયાર કરવા અને તૈયાર હોય તેને તે માટે વેચવા અને છેવટે અનેક-જીવોના સંહારનું કારણ થયું તે ભાટક કર્મ કહેવાય છે. એ પંદર કર્મદાનમાંથી ત્રીજું કર્માદાન છે અને આ પ્રવૃત્તિના યુગમાં તો અનેક રીતે સમજી લેવાનું છે. ઘોડાગાડી, બે ઘોડાની બગી કે એક ઘોડાનો એક્કો તથા દેશમાં વપરાતી એક ઘોડાની ગાડીનો પણ તે ભાટક કર્મમાં જ સમાવેશ થાય છે અને સામાન કે માણસને લઈ જવા લાવવાનું કોઈ પણ સાધન કલ્પવામાં આવે તે પણ સર્વ ભાટક કર્મમાં આવે છે. ગાડાં કે લોરી ખેડવાં, તે ભાડે આપવાં કે તે તૈયાર કરવાનો કોઈ પણ વિભાગ ઉત્પન્ન કરવો તે આ કર્માદાનમાં આવે છે.

૪. ચોથું કર્માદાન ભાટકકર્મ કહેવાય છે. શકટ, ઊંટ, વૃષભ, મહિષ, ખર, અશ્વ વગેરેને ભાડે લઇ અથવા પોતાનાં હોઇ તેને ભાડે ફેરવવા અથવા ભાડે આપવાં તે સર્વ ભાટક કર્મમાં આવે છે. અત્યારે ઘોડાગાડી ફેરવવાનો કે લોરી ફેરવવાનો વેપાર કરવો તેનો સમાવેશ પણ આ ભાટકકર્મમાં થાય છે. વર્દ્ધમાને આવું ભાટકકર્મ આખા જીવનમાં કર્યું નહિ, બીજા પાસે કરાવ્યું નહિ અને કરવાની કોઇને સલાહ પણ ન આપી. આ પણ જીવવધનું કારણ હોવાથી ગૃહસ્થોએ તેનો કોઈ પણ આકારમાં ત્યાગ કરવા યોગ્ય છે. અહિંસાની બાબતમાં મહાવીરસ્વામી બહુ ચોક્કસ રહ્યા અને તેમણે ત્યારપછીના જીવનમાં ઉપદેશ પણ તદનુરૂપ આપ્યો.

૫. પાંચમું કર્માદાન સ્ફોટક કર્માદાન કહેવાય છે. ઘઉં, ચણા, યવ વગેરેને ભરડી તેની દાળ બનાવવી, સાળમાંથી ચોખા કાઢવા, ખાણ ખોદવી, ખોદાવવી, સરોવર કૂપાદિક માટે ભૂમિ ખોદવી, હળ ખેડવું, પથ્થર ઘડાવવા વગેરેનો સમાવેશ આ સ્ફોટક કર્મમાં થાય છે. આ દાળ કરવા વગેરે કાર્યો અનેક જીવોનો સંહાર કરે છે અને તે કારણે ગૃહસ્થને એવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાનનું ગૂઢ રહસ્ય (૮)

—દીપચંદ જીવણલાલ શાહ

શરીરશાસ્ત્ર (Physiology) પ્રમાણે શરીરનું વજન સહન કરવા માટે ખોપરીની પાછલી બાજુથી ધડના નીચા છેડા સુધી તેત્રીશ પોલા મણકાથી બનેલા સ્તંભને કરોડ સ્તંભ (મેરૂદંડ) કહે છે. કરોડ સ્તંભના તેત્રીશ મણકા નીચે પ્રમાણે છે. સાત ડોચીના, બાર પીઠના, પાંચ કમરના, પાંચ ત્રિકાસ્થિ અને ચાર ગુદાસ્થિ. કરોડ સ્તંભના પોલા મણકાથી બનેલી નળીમાં કરોડ રજ્જુ રક્ષાયેલી છે. શરીરના અસંખ્ય જ્ઞાનતંતુઓનું જોડાણ છેવટે કરોડરજ્જુ સાથે થાય છે. કરોડરજ્જુ જ્ઞાનતંતુઓનુ દોરડું છે અને તેનો ઉપરનો છેડો મગજમાં પ્રવેશ કરે છે. કરોડરજ્જુની ફરતા ત્રણ પડો છે. બીજા અને ત્રિજા પડ વચ્ચે મસ્તકજળ નામનું પ્રવાહી રહે છે. જ્ઞાનતંતુઓ કરોડરજ્જુ મારફત સંદેશાઓ મગજને પહોંચાડે છે અને મગજે હુકમ કરેલા સંદેશાઓ સ્નાયુઓને પહોંચાડે છે. કરોડરજ્જુ મારફત મગજમાં આખા શરીરના સંદેશાઓ લેવા માટે જુદા જુદા કેન્દ્રો છે. એકબાજુ સાંભળવા માટેનું કેન્દ્ર બીજીબાજુ જોવા માટેનું કેન્દ્ર એમ જુદા જુદા કેન્દ્રો આવેલા છે ચામડીની નીચે મોટાભાગના જ્ઞાનતંતુઓના છેડા હોય છે.

જ્ઞાનતંતુઓનું જે ગુંચળુ ગુદાસ્થાનમાં રહેલું છે તેને (૧) મૂલાધારચક્ર કહે છે. જે ગુંચળું આંતરડાના ભાગમાં આવેલું છે તેને (૨) સ્વાધિષ્ઠાનચક્ર કહે છે. જે ગુંચળુ જઠરના ભાગમાં આવેલું છે તેને (૩) મણિપુરચક્ર કહે છે. જે ગુંચળુ હૃદયના ભાગમાં આવેલું છે તેને (૪) અનાહતચક્ર કહે છે. જે ગુંચળુ કંઠના મધ્ય ભાગમાં આવેલું છે તેને (૫) વિશુદ્ધચક્ર કહે છે, જે ગુંચળુ ભૃકુટિમાં આવેલું છે તેને (૬) આજ્ઞાચક્ર કહે છે અને જે ગુંચળું મગજમાં આવેલું છે તેને (૭) સહસ્રારચક્ર કહે છે. આ બધા ગુંચળા કરોડસ્તંભ પર આવેલા હોય છે અને તે બધા ગુંચળાના જ્ઞાન તંતુઓનો સંબંધ કરોડરજ્જુ સાથે હોય છે.

Some Physiologists (શરીર શાસ્ત્રીઓ) believe that these six chakras are the sympathetie portions of the autonomic nervous system. The Yogi has the control on the sympathetie nervous system on which normally ordinary man has no control.

આ ચક્રો પર ધ્યાન ધરીને યોગીઓ મનની શાંતિ અને અમુક સિદ્ધિઓ મેળવી શકે છે.

સાત ચક્રોનાં નામ અને તેની પાંખડીઓમાં અક્ષરો નીચે પ્રમાણે છે :—

(૧) મુલાધારચક્રનું સ્થાન ગુદા છે અને

---

( શ્રી વર્દ્ધમાન–મહાવીર : પેજ ૪૨ થી ચાલુ )

પ્રકારનું કામ કરવું અથવા તેવા ધંધાને સ્વીકારવો તે વર્જ્ય ગણાય છે. શ્રાવકે આવું કોઈ પણ સ્ફોટક કાર્ય કરવું ઉચિત નથી. વર્ધમાનના જીવે તે ભવમાં આ કર્માદાનનું કામ કર્યું નહિ, કોઈને કરવાનો હુકમ આપ્યો નહિ અને તેવું કામ કરનારની અનુમોદના કે પ્રેરણા પણ કરી નહીં. અત્યારે ખાણ ખોદવા વગેરે અનેક આરંભ સમારંભો થાય છે તે ગૃહસ્થને અનુચિત છે. વર્ધમાન મહાવીરે એનો પહેલેથી વિચારીને ત્યાગ કર્યો. આ રીતે પાંચ કર્માદાનનો ઉપયોગ આ કાળમાં તો જરૂર રાખવો. [ક્રમશઃ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર પાંખડીઓ છે. આ ચાર પાંખડીઓમાં वं, शं, षं, सं. એ ચાર અક્ષરોનું યોગીઓ ધ્યાન કરે છે.

(૨) લિંગની સામેનું ચક્ર સ્વાધિષ્ઠાનચક્ર છે. આ ચક્રમાં છ પાંખડીઓ છે. તેમાં च, मं, य, रं, लं. એ છ અક્ષરોને સ્થાપન કરી યોગીઓ ધ્યાન કરે છે.

(૩) નાભિમંડળ પાસે આવેલા ચક્રને મણિપુરચક્ર કહે છે. તેને દશ પાંખડીઓ છે તે પાંખડીઓમાં डं થી फं સુધી અક્ષરો સ્થાપન કરી યોગીઓ ધ્યાન કરે છે.

(૪) હૃદય પાસે અનાહતચક્ર આવેલું છે, તેને બાર પાંખડી છે. તેમાં कं થી ठं સુધી અક્ષરો સ્થાપન કરી યોગીઓ ધ્યાન કરે છે.

(૫) કંઠ પાસે વિશુદ્ધચક્ર આવેલું છે તેમાં સોળ પાંખડીઓ છે. તેમાં अं થી अः સુધીના સ્વરો સ્થાપન કરી યોગીઓ ધ્યાન કરે છે.

(૬) ભ્રુકુટીમાં આજ્ઞાચક્ર આવેલું છે, તેને બે પાંખડીઓ છે તેમાં हं અને क्षं અક્ષરો સ્થાપન કરી યોગીઓ ધ્યાન કરે છે.

(૭) મગજમાં સહસ્ત્રદળ નામનું ચક્ર આવેલું છે તે ચક્ર પર યોગીઓ ધ્યાન કરે છે.

મૂલાધારચક્રને કુંડલિનીનું સુષુપ્તિ સ્થાન કહે છે. કુંડલિની મૂલાધારચક્ર મેરૂદંડના નીચેના ભાગમાં છે. આ ચક્રની અંદર કુંડલીની શક્તિ ત્રણ વલય આકારમાં સુષુપ્ત રહેલી છે. કુંડલીની જાગૃત થઇને મેરૂદંડમાં મધ્યમાં રહેલ સુષુમ્ણા માર્ગથી ઈડા અને પિંગલાની સહાયથી ઉપર તરફ વહે છે. આ ત્રણ નાડીઓની અંદર જાગૃત થએલી ઉપર જતી કુંડલીની શક્તિ સ્વાધિષ્ટાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્રમાં પ્રજ્વલિત થતી અંતમાં સહસ્ત્રાકારમાં દાખલ થાય છે. જ્યારે કુંડલિની મેરૂદંડમાં ઉપર જાય છે ત્યારે દરેક ચક્રને જાગૃત કરતી આગળ વધે છે. તેથી તે ચક્ર (કમળ) અધોમુખ હોય છે, તે તે વખતે ઉર્ધ્વ મુખવાળું થાય છે.

ચક્રોના નામ તેમની પાંખડીઓ અને તેમનો રંગ નીચે પ્રમાણે છે.

| | ચક્રોના નામ | મેરૂદંડમાં સ્થાન | કેટલી પાંખડીઓ | રંગ |
|---|---|---|---|---|
| ૧ | મૂલાધાર | ગુદા પાસે | ૪ | પીળો |
| ૨ | સ્વાધિષ્ઠાન | લિંગની સામે | ૬ | લાલ |
| ૩ | મણિપુર | નાભિની સામે | ૧૦ | પીળો |
| ૪ | અનાહત | હૃદયની સામે | ૧૨ | સફેદ |
| ૫ | વિશુદ્ધિ | કંઠની સામે | ૧૬ | કાળો |
| ૬ | આજ્ઞા | ભ્રૂમધ્ય (ભૃકૂટિ)માં | ૨ | ઘેરોલાલ |
| ૭ | સહસ્રાર | મસ્તકમાં | ૧૦૦૦ | — |

**જુદા જુદા ચક્રો પર ધ્યાન કરવાની રીત :**

મહાત્મા આનંદઘનજી તેમના લખેલ સાતમા પદમાં નીચે પ્રમાણે જણાવે છે.

शिर पंच बसे परमेसर, घटमें सूछमबारी;
आप अभ्यास प्रकाशें विरला, निरखे ध्रूकी तारी.

તારા મસ્તક ઉપર પંચ પરમેષ્ટી વસે છે, તેમને હૃદયની અંદર રહેલ સૂક્ષ્મ બારી દ્વારા આત્મ અભ્યાસથી કોઇ ભાગ્યશાળી જૂએ છે ત્યારે ધ્રુવના તારા જેવો ત્યાં અખંડ પ્રકાશ રૂપી દીવો દેખે છે.

શરૂઆતમાં હૃદયમાં આવેલ અનાહત ચક્ર (કમળ)નું ધ્યાન કરવું. શ્વાસની સાથે ધીમે

For Private And Personal Use Only

ધીમે મનને ખેંચીને હૃદયમાં રહેલ કમળમાં મનને પ્રવેશ કરાવો ત્યારબાદ તે કમળની પાંખડીઓમાં આવેલ અક્ષરોમાં મનને રોકો અને અનુક્રમે તે અક્ષરોનું ધ્યાન કરો. હૃદય-કમળમાં અંતઃકરણ આવેલ છે; વળી અમુક યોગીઓ માને છે કે હૃદયકમળમાં આત્માનું સ્થાન છે અને તે ત્યાં સુંદર અને તેજસ્વી જ્યોતથી પ્રકાશે છે. ત્યારપછી મણિપુરચક્રમાં રહેલા અક્ષરોનું ધ્યાન ધરો. મણિપુરચક્રમાં ધ્યાન ધરવાથી મન બહૂ જ શાંત થાય છે.

આપણને જે બે નેત્રો છે તેનાથી જુદું એક ત્રીજું નેત્ર આપણી ભૃકુટિની મધ્યમાં છે. પદ્માસને બેસો, કરોડ સીધી રાખો અને મસ્તકને સેજ પછવાડે નમતું રાખો અને ભૃકુટિ પર આવેલ આજ્ઞાચક્ર પર તમારી દ્રષ્ટિ એકાગ્ર કરો. તે વખતે તમારા સ્નાયુઓને ઢીલા કરો, શ્વાસોશ્વાસ ધીમે ધીમે લ્યો, જેમ જેમ શ્વાસોશ્વાસ અને શરીર ઢીલાં પડતાં જશે તેમ તેમ તમારૂં મન શાંત થતું જશે. જો મન શાંત ન થાય તો તમારા વિચારોનો પ્રતિકાર ન કરો અને તેમને સાક્ષીરૂપે જુઓ અને મુખથી અવાજ કર્યા વગર મૂક ધ્વનિથી ઓમ્....ઓમ્....ઓમ્નો નાદ શરૂ કરો. જેમ જેમ મન શાંત થતું જાય તેમ તેમ આ ઓમ્નો નાદ પણ મંદ કરતાં જાઓ એટલે ઓમ્નો નાદ કરવાનું પણ બંધ કરો. તમારા મન અને ઇંદ્રિયો મારફત તમારી જે શક્તિ વેડફાઇ જતી હતી તે એકઠી થવા લાગશે અને અમુક સમય પછી આજ્ઞાચક્ર મધ્યે એક પ્રકાશની જ્યોત તમે જોશો. તેના પર તમારી દ્રષ્ટિ સ્થિર કરો, અને શાંત બેસી રહો. તે સમયે તમને નવો ઉત્સાહ અને આનંદ પ્રાપ્ત થશે તેમ જણાશે.

કુંડલીનીનું ધ્યાન નીચે પ્રમાણે કરવાનું છે. તમારા મકાનની એકાંત જગ્યામાં ટટાર બેસો અને તમારૂં મોઢું ઉત્તર અથવા પૂર્વ તરફ રાખો. શરૂઆતમાં બે થી ત્રણ મીનીટ સુધી ઊંડા સરખા શ્વાસોશ્વાસ લ્યો. ઇશ્વરની પ્રાર્થના કરો અને તમામ વિચારોને બંધ કરો. આ ધ્યાન શંકા લાવ્યા વિના ઉત્સાહથી કરો.

**શરૂઆતની ઇશ્વર પ્રાર્થના :**

હે પરમાત્મા ! મારા હૃદયને પવિત્ર કરો, મારા અપરાધોની ક્ષમા કરો. મારા મનને આપના આ તેજોમય ધ્યાનમાં સ્થિર કરો અને મારા મનમાં આપનું દિવ્ય બળ આપો.

સાધક મનવડે મનને કેળવી શકે છે અને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

એકાંતમાં સ્થિર બેસો. તમારી બન્ને આંખો બંધ કરો, ખોપરીના મધ્ય ભાગમાં મનને પ્રથમ સ્થિર કરો ત્યાંથી નાડી દ્વારા ગુદાચક્રમાં રહેલ ચક્રમાં તમારૂં મન લાવો. તે ચાર પાંખડીવાળા અગ્નિના જેવું પ્રકાશમાન ચક્ર છે તે ચક્રની પાંખડીઓ મધ્યે વં, શં, ષં, સં. ચાર પ્રકાશમય અક્ષરો છે તેમને વારંવાર જોયા કરો તથા તેમને માનસ જપથી રટ્યા કરો. મનને આ ધ્યાનમાં વીશથી ત્રીશ મીનીટ સુધી રોકી રાખો તે વખતે શ્વાસોશ્વાસ ધીમેથી લ્યો. ત્યાર પછી શ્વાસ દ્વારા મનને બહાર લાવો અને આંખો ખુલ્લી કરી સ્વસ્થ થઈ ઊઠી જાઓ. આ ક્રિયા નિયમિત વખતે અમુક દિવસ સુધી કરો

ત્યાર પછી બીજી ક્રિયા શરૂ કરો. ખોપરીના મધ્ય ભાગમાં મનને સ્થિર કરો અને નાડી મારફત નં. ૧ (ગુદાચક્ર)માં મનને લાવો અને આ ચક્રમાં પાંચથી દશ મીનીટ સુધી મનને રોકો. આ ચક્ર નાભિથી ચાર આંગળ નીચે છે. આ ચક્રને છ પાંખડીઓ છે અને તેની મધ્યે બં, ભં, મં, યં, રં, લં. પ્રકાશમય અક્ષરો છે. આ પ્રકાશમય અક્ષરો જોવામાં મનને દશથી વીશ મીનીટ સુધી રોકો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને માનસ જપથી તે અક્ષરોનું રટણ કરો. તે વખતે ધીમેથી શ્વાસ લો, પછી મનને શ્વાસની મારફત બહાર લાવો, આંખો ખુલ્લી કરો અને ઉઠી જાઓ, આ બીજી ક્રિયા અમુક દિવસ કરો.

બીજી ક્રિયા અમુક દિવસ કર્યા પછી ત્રીજી ક્રિયા શરૂ કરો. તેમાં ધ્યાન વખતે મનને ખોપરીની મધ્યમાં સ્થિર કરો. નાડી મારફત નં. ૧–૨ના ચક્રની ક્રિયા પાંચ પાંચ મીનીટ સુધી કરો અને ત્યાર પછી નં. ૩ના ચક્રમાં મનને લાવો. નં. ૩ ચક્ર નાભિમાં રહેલ છે તેને દશ પાંખડીઓ છે. તેમની મધ્યે ડં, ઢં, ણું, તં, થં, દં, ધં, નં, પં, ફં. પ્રકાશમય અક્ષરો રહેલા છે. આ તેજોમય અક્ષરો વારંવાર જોવામાં મનને દશથી વીશ મીનીટ સુધી રોકો અને તે અક્ષરોનો માનસ જાપ કરો. તે વખતે શ્વાસ ધીમે ધીમે લો ત્યારપછી શ્વાસવડે મનને બહાર લાવો અને આંખો ખુલ્લી કરો અને આસનપરથી ઊભા થાઓ. આ ક્રિયા અમુક દીવસ સુધી નિયમિત સમયે નિયત કરેલા સ્થાને કરો.

ચોથી ક્રિયામાં મનને ખોપરીના મધ્ય ભાગમાં સ્થિર કરો. નાડી મારફત નં. ૧–૨–૩ ના ચક્રોમાં મનને લાવો અને તેમાં પાંચ પાંચ મીનીટ મનને રોકો. ત્યારપછી નં. ૩ ના ચક્રના મધ્યમાં રહેલ તાર જેવી પ્રકાશમય નાડી દ્વારા મનને નં. ૪ના ચક્રમાં લાવો. આ હૃદયસ્થાનમાં પ્રકાશમય ચક્ર છે, તેને બાર પાંખડીઓ છે તથા તે મધ્યે તેજોમય કં, ખં, ગં, ઘં, ઙં, ચં, છં, જં, ઝં, ઞં, ટં, ઠં, બાર અક્ષરો છે તથા તે ચક્ર મધ્યે એક દિવ્ય તેજોમય ષટ્કોણ આકૃતિ છે. આ ચક્રની ષટ્કોણ આકૃતિ અને બાર તેજોમય અક્ષરો વારંવાર જોવામાં મનને દશ થી પંદર મીનીટ સુધી રોકો અને તે અક્ષરોનો વારંવાર માનસ જાપ કરો. તે વખતે શ્વાસ ધીમે ધીમે લો. ત્યારપછી શ્વાસ મારફત મનને મસ્તકમાં રહેલ કાણામાંથી બહાર લાવો, આંખો ખુલ્લી કરો અને આસન પરથી ઊઠો. આ ક્રિયા અમુક દીવસ સુધી કરો.

પાંચમી ક્રિયામાં ખોપરીના મધ્ય ભાગમાં મનને સ્થિર કરો. નાડી દ્વારા મનને નં. ૧–૨–૩–૪ ચક્રોમાં અનુક્રમે લાવો દરેક ચક્રમાં મનને ત્રણ ત્રણ મીનીટ રોકો પછી મનને પાંચમા ચક્રમાં લાવો તે ચક્ર કંઠમાં છે અને તે તેજોમય ચક્ર સોળ પાંખડીઓનું છે તેમાં પ્રકાશમય સોળ સ્વરો અં, આં, ઇં, ઈં, ઉં, ઊં, ઋં, ૠં, ઌં, ૡં, એં, ઐં, ઓં, ઔં, અં, અઃ તેમાં રંગીન તેજના ફુવારા જોશો અને તે સ્વરોનો વારંવાર માનસ જાપ કરો. આ ક્રિયામાં મનને દશથી પંદર મીનીટ સુધી રોકો. તે સમયે શ્વાસ ધીમે ધીમે લો. ત્યાર પછી શ્વાસ મારફત મનને બહાર લાવો. આંખો ઉઘાડો અને આસન પરથી ઊભા થાઓ. આ ક્રિયા અમુક દિવસ સુધી કરો.

છઠ્ઠી ક્રિયામા ખોપરીના મધ્ય ભાગમાં મનને સ્થિર કરો. પછી નાડી મારફત નં. ૧–૨–૩–૪–૫ના ચક્રોમાં અનુક્રમે દરેક ચક્રની મધ્યે રહેલી વિદ્યુતના પ્રકાશ જેવી તારરૂપ નાડી મારફત ત્રણ ત્રણ મીનીટ પછી મનને લાવો. પાંચમા ચક્રમાંથી કાન પાછળ થઇ આગળ આવતી બે નાડીઓ બે ભ્રમરની મધ્યના ભાગમાં મળેલી છે ત્યાં આ છઠ્ઠા ચક્રનું સ્થાન છે. આ પ્રકાશમય ચક્રને બે પાંખડીઓ છે અને પાંખડીઓની મધ્યમાં હું અને ક્ષં બે તેજસ્વી અક્ષરો છે. તે તેજસ્વી અક્ષરોને જુઓ અને તેમનું વારંવાર માનસ જપ દશથી પંદર મીનીટ સુધી કરો. તે વખતે ધીમે ધીમે શ્વાસ લો ત્યાર પછી શ્વાસ મારફત મનને બહાર લાવો, આંખો ઉઘાડો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસન પરથી ઊઠો આ ક્રિયા અમુક દિવસ સુધી કરો.

સાતમી ક્રિયામાં ખોપરીના મધ્ય ભાગમાં મનને સ્થિર કરો. પછી નાડી મારફત નં. ૧–૨–૩–૪–૫ના ચક્રોમાં મનને ત્રણ ત્રણ મીનીટ સુધી રાખો. સાતમું ચક્ર લલાટમાં છે. નં. ૫ ચક્રની મધ્યમાં દિવ્ય પ્રકાશમય તાર જેવી નાડી છે, તેની મારફત સાતમા ચક્રમાં મનને લાવો. આ ચક્રમાં મધ્યે ૐ અક્ષર છે. આ પ્રકાશમય ૐને વારંવાર જોજો અને તેનો માનસ જાપ પંદર મીનીટ સુધી કરજો. તે સમયે ધીમે ધીમે શ્વાસ લો. ત્યાર પછી શ્વાસ મારફત મનને બહાર લાવો, આંખો ઉઘાડો અને આસન પરથી ઊઠો. આ ક્રિયા નિયમિત સમયે હંમેશાં એક આસને અમુક દિવસ સુધી કરો.

સહસ્રારચક્રનું ધ્યાન ઉત્તમ મુનિઓ જ કરી શકે છે.

સહસ્રાર ચક્ર ખોપરીના મધ્ય ભાગમાં છે. તે સ્થાનમાં દિવ્ય પ્રકાશ રહેલો છે. આ પ્રકાશ શીતળ છે, આ સ્થાનમાં એક સૂક્ષ્મ છિદ્ર છે, અને તે છિદ્રનો બહારના વાતાવરણ સાથે સંબંધ છે અને ત્યાંથી જ મન નીચેના ચક્રોમાં લાવી શકાય છે.

આ ક્રિયાઓના અભ્યાસથી દરેક અભ્યાસી પોતાના મનને કેળવી બળવાન બનાવી શકે છે. આ ક્રિયાઓનો અભ્યાસ નિયમિત રીતે ઉત્સાહથી કરવાથી ઉત્તમ લાભ થશે. આ ક્રિયાઓના અભ્યાસમાં મનને જે જે સ્થાનો રોકવાનું કહેલ છે ત્યાં મનને રોકો, દરેકને પોતાની અંદર રહેલી કુંડલિની શક્તિને કેળવવાની જરૂર છે.

આ ક્રિયાઓ કરનારે કોઈપણ જાતના દુર્વ્યસનથી દૂર રહેવું. સ્વદારા સંતોષ રાખવો, ધંધામાં પ્રમાણિકપણું રાખવું. મનુષ્યમાત્ર તરફ પ્રેમબુદ્ધિ રાખવી, અને સાંસલક્ષણ કરવું નહિ. દરેકે આ ક્રિયા સવારમાં નિયમિત સમયે હંમેશાં વીશથી ત્રીશ મીનીટ સુધી કરવાની છે.

One author writes about Kundalini as follows :—

Kundaline rises up little by little as the Yogi employs his will. In one practice he brings her as far as he can and as she pierces any one of the lotuses, **its face which was turned downwards before, turns upwards** and when the meditation is finished he leads back to her home near the base of the spine.

## Concentration, meditation

In concentration do not trouble yourself if other things come vaguely into the neighbourhood of your chosen thought. It is better to quieten the emotional nature by applying the formula **'I do not care'.**

The piercing of the six chakra is one of the most important subjects dealt within the Tantras. Another author writes about Kundalini as follows. When awakened Kundalini leaves the Muladhara, that lotus which, on the awakening of Kundalini **had opened and turned its flower upwards,** again closes and hangs downwards. As Kundalini reaches the Svadhishtana chakra that lotus opens out and lifts its flower upwards.

( અનુસંધાન પેજ ૪૮ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થાનિક સમાચાર

## ભાવનગરમાં ઉજવાયેલ ભાગવતી દીક્ષા મહોત્સવ

સ્વર્ગસ્થ વોરા નરોત્તમદાસ સાકળચંદના સુપુત્રી કુમારી વિમળાબ્હેન દીક્ષા લેનાર હતા તેથી તા. ૫–૨–૬૭ના રોજ શ્રીયુત ભોગીલાલ મગનલાલ શાહના પ્રમુખપણા નીચે તેમને સન્માનવાનો સમારંભ ટાઉન હોલમાં યોજવામાં આવેલ હતો. તે વખતે પ્રો. ખીમચંદભાઈએ, પ્રો. નર્મદભાઈએ અને પ્રો. નર્મદાશંકર શાસ્ત્રીએ પ્રવચનો કર્યા હતા. દીક્ષાર્થી બ્હેને તેના પ્રત્યુતર રૂપે સુંદર પ્રવચન કર્યું હતું. તા. ૯–૨–૬૭ના રોજ ઓપનએર થીએટરમાં શ્રીમતી મધુબેન બકુભાઈ (રમણીકલાલ)ના પ્રમુખસ્થાને શ્રી મહાવીર મહીલા મંડળ તરફથી દીક્ષાર્થીના સન્માનાર્થે એક ભવ્ય મેળાવડો ઉજવવામાં આવ્યો હતો. તે વખતે બ્હેનોએ રાસ, ગરબા અને સંવાદના કાર્યક્રમો રજુ કર્યા હતા. આ ઉપરાંત દાદાસાહેબ અને અન્ય સ્થળોએ દીક્ષાર્થીને સન્માનવાના મેળાવડાઓ થયા હતા કારણ કે દીક્ષા એ શિષ્ટાચારનું મૂર્તિમય સ્વરૂપ છે અને આત્મજ્ઞાનનો માર્ગ છે. સંસારમાં કોઈ પણ સ્થળે ન મળે તેવું આત્મશાંતિનું યોગ્ય સ્થાન છે, સ્વપરહિત સાધવાની દીક્ષા તક આપે છે એટલું જ નહિ પણ તે આત્માને ઉર્ધ્વગામી બનાવનારૂં સાધન છે.

તા. ૧૦–૨–૬૭ના રોજ બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું; વળી તેજ રાત્રે મુંબઇના પ્રખ્યાત ગવૈયા દેવેન્દ્રસાગરનું નેમ રાજુલનું સુંદર કથા ગીત મોટા દેરાસરના ચોગાનમાં રાખવામાં આવ્યું હતું. તે સાંભળવા માટે રાત્રિના બાર વાગ્યા સુધી અસંખ્ય પુરૂષો અને બ્હેનો હાજર રહ્યા હતા.

દીક્ષાર્થીના વર્ષીદાનનો વરઘોડો તારીખ ૧૧–૨–૬૭ના સવારે ધામધૂમથી નીકળ્યો હતો ત્યારે સ્થળે સ્થળે દીક્ષાર્થી બ્હેનનું હારતોરાથી સન્માન કરવામાં આવતું હતું. વરઘોડો વિશાળ

---

( ધ્યાનનું ગૂઢ રહસ્ય : પેજ ૪૭થી ચાલુ )

Then Kundalini reaches the manipure chakra. Kundalini next reaches the anahata chakra. Then the Kundalini ascends to the Vishuddha chakra. **After this chakra Kundalini sets out on her return Journey** the way she came.

In the return journey she again reaches the Muladhara chakra when all that is described to be in the chakras are in the position which they occupied before the awakening of Kundalini.

તા. ક. કંઠમાં આવેલ વિશુદ્ધ ચક્રમાંથી કાનની પાસે આવેલી બે નાડી મારફત મનને આજ્ઞાચક્રમાં લઈ જવાય છે. અને આજ્ઞાચક્રમાંથી પાછા વિશુદ્ધ ચક્રમાં મનને લાવી ત્યાંથી સહસ્રાર ચક્રમાં લઈ જવાય છે પણ સહસ્રાર ચક્રમાંથી મનને વિશુદ્ધ ચક્રમાં અને નીચેના ચક્રોમાં અનુક્રમે લઇ જઈ શકાય છે તે વખતે સહસ્રાર ચક્રમાંથી આજ્ઞાચક્રમાં લઇ જવાતું નથી. જે જીજ્ઞાસુઓને કુંડલીનીના ધ્યાન સંબંધી વધારે જાણવાની ઈચ્છા હોય તેમણે કુંડલીનીનું ધ્યાન કરનાર ગુરૂ પાસેથી જાણવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનસમુહ હાજર હોવાથી સુંદર શોભતો હતો. વરઘોડો દાદાસાહેબ પહોંચ્યા પછી ત્યાંના ભવ્ય ચોગાનમાં બાંધેલ શમિયાણામાં આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી અને આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીની નીશ્રામાં શ્રી વિમળાબ્હેનને દીક્ષા આપવામાં હતી. તેમને સાધ્વીશ્રી સુયશાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી વરધર્માશ્રીજીના નામે જાહેર કરવામાં આવ્યા હતા. તે સમયે લગભગ આઠ હજાર જેટલો માનવ સમુદાય હાજર હતો.

## મુનિશ્રી વિશાળવિજયજીનું સ્વર્ગારોહણ

સ્વ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિશ્વરજીના શિષ્ય શાંત મુનિશ્રી જયંતવિજયજીના શિષ્ય શ્રી વિશાળવિજયજી તા. ૨–૩–૬૭ના સાંજે ૬–૩૦ વાગે ૭૬ વર્ષની ઉમરે ૫૫ વર્ષનો લાંબો દીક્ષા પર્યાય પાળી અત્રેના ગોડીજી ઉપાશ્રયમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. તેઓની સ્મશાનયાત્રા તા. ૩–૩–૬૭ના રોજ સવારના આઠ કલાકે વિશાળ જન સમુદાય સાથે નીકળી હતી. અને તેમનો અગ્નિ સંસ્કાર ઘેટીવાળા ભાઈ અનંતરાયે કરેલ હતો કારણ કે તેમણે તેમની લાંબા સમયની બિમારી વખતે એક નમ્ર અને વિનયી પુત્ર પોતાના અશક્ત, અપંગ અને વૃદ્ધ પિતાની સેવા ચાકરી કરે તેવી તેમની સેવા ચાકરી કરી હતી. તેઓ લગભગ આઠ માસ સુધી બિછાનાવશ રહ્યા હતા તે સમયે આ યુવાને મળમૂત્ર કરતી વખતે સફાઈ અને સ્વચ્છતા જાળવવા અત્યંત પરિશ્રમ વેઠયો હતો.

નામ પ્રમાણે ગુણો કોઈ વિરલ આત્મામાં હોય છે. મુનિશ્રી વિશાળવિજયજી વિશાળ હૃદયવાળાનો ભદ્રિક સ્વભાવવાળા અને શાંત મનવાળા હતા. તેઓનો જન્મ સને ૧૮૯૦માં રાધનપુર શહેરમાં થયો હતો. તેમના મોટાભાઈ સ્વ. પંડિત હરગોવિંદદાસ હતા. સ્વર્ગસ્થ આચાર્યશ્રીથી સ્થાપેલ બનારસ પાઠશાળામાં બન્ને ભાઈઓએ અભ્યાસ કર્યો હતો પણ મુનિશ્રી તેમના ભાઈ જેવા કુશાગ્ર બુદ્ધિવાળા ન હતા તેથી બરાબર અભ્યાસ કરી શકયા ન હતા. સંસારની મોહિની તેમને સ્પર્શી ન હોવાથી તેમણે ૨૧ વર્ષની ઉમરે શાંત મુનિશ્રી જયંતવિજયજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી હતી. તેમની ગુરૂભક્તિ નિર્મળ અને ઉત્કટ હતી તેથી ગુરૂશ્રીની કાયાની છાયા હોય તેમ તેમને દરેક કાર્યમાં અનુસરતા હતા.

આ સંત બેલડીએ આપણને આબુ, રાણકપુરજી અને કુંભારીયાજી વગેરે તીર્થોનો પરિચય ફોટાઓ સહિત પુસ્તકો અને પુસ્તિકાઓમાં આપેલ છે. તીર્થોના પરિચયવાળા પુસ્તકો અને પુસ્તિકાઓ લખવામાં તેઓએ અત્યંત પરિશ્રમ વેઠયો હોય તેમ વાંચતી વખતે જણાયાવિના રહેતું નથી. આ પુસ્તકો યાત્રાળુઓને ભોમિયા જેવા છે. કારણ કે આબુ રાણકપુરજી અને કુંભારીયાજીની અલૌકિક કોરણી જોતા હોઇએ ત્યારે તેઓ યાત્રાળુઓને ત્યાંની કોરણીઓની સંપૂર્ણ માહિતી આપે છે અને યાત્રાળુઓને તે કોરણીઓ જોવામાં ઉત્સાહિત કરે છે. વળી આ પુસ્તકો અને પુસ્તિકાઓ તે તીર્થોને જાણે વાચા આપી હોય તેમ તેમને સાથે રાખીને કોરણીઓને જોતી વખતે જૈન અને જૈનેતરોના હૃદયમાં તે તીર્થો તરફ માનની લાગણી ઉપન્ન કરે છે. વળી તે પુસ્તકો અથવા પુસ્તિકાઓ હોય તો ભવિષ્યમાં યાત્રાળુઓની તે વખતની સ્મૃતિઓ જાગૃત કરવામાં મદદરૂપ બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી યશોવિજયજી ગ્રંથમાળા અમુક વર્ષો કાર્ય કર્યા પછી મૃતઃપ્રાય સ્થિતિમાં આવી ગઈ હતી; તેને આ સંત બેલડીએ પુનઃજીવન આપ્યું એમ કહેવું યોગ્ય છે કેમકે આ સંત બેલડીના પ્રયત્નથી ગ્રંથમાળાએ અત્યારે પગભર સ્થિતિ પ્રાપ્ત કરેલ છે. આ ગ્રંથમાળાએ ગયે વર્ષે જાદુગર કે. લાલના પ્રયોગો દ્વારા મુંબઈમાં કરાવી ચાલીશ હજાર રૂા.ની માતબર રકમ મેળવી હતી. આ સંત બેલડી યશોવિજય ગ્રંથમાળાના આત્મા સમાન હતી. કારણ કે તેમણે ગ્રંથમાળા મારફત જૈન તીર્થોના પરિચયના પુસ્તકો અને પુસ્તિકાઓને લખી હતી અને ગૃહસ્થો પાસેથી ધનની સહાય મેળવી બહાર પાડી હતી.

ભગવાન મહાવીરના શબ્દો "હે ગૌતમ, પ્રમાદ કરીશ નહિ" તે મુનિશ્રીએ પોતાના જીવન ધ્યેય તરીકે સ્વીકાર્યા હતા. તેઓ પોતાની આસપાસ પુસ્તકો રાખતા હતા અને પોતાનો સમય વાંચન, લેખન અને સ્વાધ્યાયમાં પસાર કરતા હતા.

મુનિશ્રીને તીર્થાધિરાજ શત્રુંજય પર અત્યંત અનુરાગ હતો. તેમના ગુરૂભાઈ જયાનંદવિજયજી મહારાજ દ્વારા તેમની પ્રેરણાથી અત્રે એક મંડળ સ્થપાયું છે. જેમાં લગભગ ૧૨૫ સભ્યો છે. આ મંડળના સભ્યો દર માસના પુનમ પછીના રવિવારે શત્રુંજય તીર્થયાત્રા કરવા જાય છે અને ત્યાં મુનિ મહારાજોની ભક્તિ વગેરે કરે છે.

તેઓના આત્માની શાંતિ તથા તેમના તરફની ભક્તિ નિમિત્તે શ્રી ગોડીજી પાર્શ્વનાથ દેરાસરની કમીટીએ એક શોક સભા ભરીને તેમને ભાવપૂર્વક અંજલિ અર્પણ કરી હતી. અને પાંચ દિવસનો મહોત્સવ ઉજવ્યો હતો. આ મહોત્સવમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સુંદર રીતે ભણાવવામાં આવ્યું હતું તથા રાત્રે શ્રીપાળ મહારાજનું સુંદર કથા ગીત સંભળાવવામાં આવ્યું હતું. બન્ને વખતે મોટા પ્રમાણમાં જૈન ભાઈઓ અને બહેનોએ હાજરી આપી હતી.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી આત્માનંદ સભા અને યશોવિજય ગ્રંથમાળાએ તા. ૫-૩-૬૭ રવિવાર બપોરના ચાર વાગે શ્રી યશોવિજય ગ્રંથમાળાના હોલમાં શોક સભા ભરી મુનિશ્રીને શોકાંજલી અર્પણ કરી હતી. તેઓના સ્વર્ગવાસથી જૈન તીર્થોવાળા સાહિત્યના પ્રકાશનને ખોટ પડેલ છે.

સમતા અને પ્રસન્નતા મુનિશ્રીનો જીવનરસ હતો તેથી લાંબી માંદગીની વેદનાને તેઓએ સમાધિપૂર્વક ભોગવી હતી. ભાવના અને ભક્તિ પૂરતા પ્રમાણમાં તેમનામાં હોવાથી તેઓ પોતાનું જીવન કૃતકૃત્ય કરી ગયા છે. આ પવિત્ર મુનિશ્રીને ભાવપૂર્વક વંદના હો; અને શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને સૂચના

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે સંવત ૨૦૨૩ ના કારતક થી આસો માસ સુધીનું લવાજમ રૂ. ૩/૨૫ અંકે રૂ. ત્રણ ને પચીશ પૈસા મનીઓર્ડરથી મોકલી આપવા સૂચના કરી હતી, હજુ સુધી પૈસા આવેલ નથી તો આવતા અંકથી વી.પી. કરવામાં આવશે; તો વી.પી. આવેથી સ્વીકારી લેશો એજ.

મંત્રી : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનપ્રભસૂરિકૃત સાત સો સ્તોત્રો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જિનપ્રભસૂરિ બે થયા છે. એક આગમ ગચ્છના છે. એઓ અત્ર પ્રસ્તુત નથી. પરંતુ જે જિનપ્રભસૂરિ વિ. સં. ૧૩૩૧માં 'લઘુ-ખરતર' શાળાના સ્થાપક જિનસિંહસૂરિના વિદ્વાન વિનેય થાય છે તેઓ અત્ર પ્રસ્તુત છે. એમની દીક્ષા ક્યારે થઈ તે વિષે તેમજ એમના સંસારિક પક્ષ વિષે અર્થાત્ એમનાં માતા-પિતાનાં તથા એમના પોતાના જન્મ સમયના નામ અંગે કશી પ્રાચીન વિશ્વસનીય માહિતી મળતી હોય એમ જણાતું નથી. વિ. સં. ૧૩૩૨માં એઓ રાજાઓના માનીતા બન્યા હતા. એ હિસાબે એમની દીક્ષા વીસેક વર્ષ પહેલાં થઈ હશે. દિલ્હીના સુલતાન (*મહમ્મદ તઘલક) એમના પ્રશંસક હતા. આ સૂરિના જીવનને લગતી કેટલીક ચમત્કારી ઘટનાઓ વિષે સોમધર્મગણિએ વિ. સં. ૧૫૦૩માં રચેલી ઉપદેશસપ્તતિકાના તૃતીય અધિકારના અંતિમ ભાગમાં ઉલ્લેખ કર્યો છે. જિનપ્રભસૂરિના જીવનની રૂપરેખા તથા એમના કૃતિકલાપની અને તેમાં યે એમણે રચેલાં સ્તોત્રોની સૂચી એ બાબતો 'દક્ષિણવિહારી' અમરવિજયના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજીએ જૈન સ્તોત્ર સન્દોહ (ભા. ૧)ની સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૬૨-૬૯)માં તેમજ એના દ્વિતીય ભાગની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૪૪-૫૨)માં સારી રીતે રજૂ કરી છે.

આ જિનપ્રભસૂરિ વિષે તેમજ એમની કૃતિઓ પરત્વે અંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં પ્રસંગોપાત્ત નિર્દેશ કરવાનો સુયોગ મને પણ સાંપડ્યો છે. એ દ્વારા મારા હાથે જે અલ્પ-સ્વલ્પ કાર્ય થયું છે તેની હું નીચે મુજબ નોંધ લઉં છું કે જેથી સમભાવભાવી હરિભદ્રસૂરિ, વૈયાકરણ વિનયવિજયજી ગણિ અને ન્યાયાચાર્ય યશોવિજયગણિને અંગે જેમ એકેક પુસ્તક તૈયાર કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો તેવો કોઈ પ્રસંગ આ જિનપ્રભસૂરિ પરત્વે પણ ઉપસ્થિત થાય તો મને અને જિનપ્રભસૂરિ તથા એમના કૃતિકલાપને લક્ષીને રચાયેલા સાહિત્યની સળંગ સૂચી મારે કે અન્ય કોઈ વિદ્વાનને રજૂ કરવાનો વારો આવે તો એ કામ લાગે :—

અંગ્રેજી

| કૃતિ | પ્રકાશન |
|---|---|
| અર્થકલ્પલતા (ઉપસર્ગહરસ્તોત્રવૃત્તિ) | +DCGCM (Vol. XVII, pt. 3, pp. 180 & 185-188). |
| બોધિદીપિકા (અજિતશાન્તિસ્તવવૃત્તિ) | DCGCM (Vol. XVII, pt. 4, pp. 10-23) |
| વિધિમાર્ગપ્રથા | DCGCM (Vol. XVII, pt. 4, pp. 233-237) |
| સન્દેહવિષૌષધિ (કલ્પસૂત્રપંજિકા) | DCGCM (Vol. XVII, pt. 2, pp. 90-95) |
| ×'ઋષભનમ્ર'સ્તોત્ર | DCGCM ( Vol. XIX Sec. 1, pt. 2, pp. 61-65 ) |

* એણે વિ. સં. ૧૩૨૫ થી ઈ. સ. ૧૩૫૧ સુધી રાજ્ય કર્યું હતું.

+ સંપૂર્ણ નામ "Descriptive Catalogue of the Government Collection of Manuscripts" છે.

× આને ચતુર્વિંશતિ જિન સ્તુતિ તેમજ ચતુર્વિંશતિ જિન સ્તોત્ર પણ કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| જિનાગમ સ્તવન | | DCGCM ( Vol. XIX sec. 1. pt. 1, pp. 244–248 ) |
| નવગહગબ્ભિય–પાસનાહ થવણ (નવગ્રહગર્ભિત-પાર્શ્વનાથ સ્તવન) | | DCGCM ( Vol. XIX sec. 1. pt. 1, pp. 291–292 ) |
| [1]પંચપરમેષ્ઠિ નમસ્કાર | | DCGCM ( Vol. XIX sec. 1. pt. 1, pp. 308–309 ) |
| અભિધાનચન્દ્રિકા કિંવા અભિપ્રાયચન્દ્રિકા | (ભયહરસ્તોત્રવૃત્તિ) | DCGCM ( Vol. XIX sec. 1. pt. 2, pp. 32–35 ) |

ગુજરાતી

| | |
|---|---|
| પાસ થવણ, જિનપ્રભસૂરિકૃત અને નવગ્રહની સ્તુતિથી ગર્ભિત | આત્માનંદ પ્રકાશ (પુ. ૫૮, અં. ૧૦) |
| વિદગ્ધમુખમંડનાવચૂર્ણિ | જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૧, પૃ. ૨૯૦) |
| [2]પાર્શ્વનાથ–પ્રાતિહાર્ય–સ્તવન | [3]ભ૦સ્તો૦પા૦કા૦સં૦ (વિ. ૨, પૃ. ૧૬૨–૧૬૪) |
| [4]પાર્શ્વજિનસ્તોત્ર ("શ્રી પાર્શ્વ" થી શરૂ થતું) | ચતુર્વિંશતિકા (પૃ. ૧૫–૧૬) |
| [5] ,, ("પાર્શ્વ પ્રભુ" થી શરૂ થતું) | ,, (પૃ. ૮૬–૮૮) |
| શ્રેણિક દ્વયાશ્રય કાવ્ય | જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ખંડ ૧, ઉપખંડ ૨,) પૃ. ૨૦૨–૨૦૩) |
| તેત્રીસ સંસ્કૃત સ્તોત્રોની રૂપરેખા | જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૬૪–૩૭૨) |
| અજિતજિન સ્તોત્ર | ચતુર્વિંશતિ જિનાનન્દ સ્તુતિ (પૃ. ૨૩૮–૨૯૩) |
| ચતુર્વિંશતિ જિનાનન્દ સ્તુતિની [6]ભૂમિકા | ,, (પૃ. ૩૯–૪૫, ભૂમિકા) |

સંસ્કૃત

| | |
|---|---|
| અનુયોગ ચતુષ્ટય વ્યાખ્યા | અનેકાર્થરત્નમંજૂષા (પૃ. ૧૨૭–૧૩૩) |

## સાત સો સ્તોત્રો

ઉલ્લેખો—જિનાગમ સ્તવન કિંવા સિદ્ધાંતાગમ સ્તવના ઉપર વિશાલરાજના કોઈ શિષ્યે ([7]સોમોદયગણિએ) અવચૂરિ રચી છે. એમાં એમણે કહ્યું છે કે દરરોજ નવીન સ્તોત્ર રચ્યા બાદ નિરવદ્ય આહાર ગ્રહણ કરવારૂપ અભિગ્રહ ધારણ કરનારા અને પ્રત્યક્ષ પદ્માવતીદેવીના વચનથી 'તપ'ગચ્છને અભ્યુદયવાળો જાણી પોતાના શિષ્યાદિના પઠનના અવલોકનાર્થે યમક, શ્લેષ, ચિત્રથી અલંકૃત અને નવનવી

૧ આ કૃતિ ગુજરાતી સહિત **નમસ્કાર માહાત્મ્ય** (પૃ. ૧૮૩)માં છપાવાયું છે.

૨ આ સ્તોત્ર મેં સૂચવેલા અન્વયાંક તથા મારા ગુજરાતી અનુવાદ સહિત છપાયું છે. પૃ. ૧૬૨ના તૃતીય ટિપ્પણમાં મેં જિનપ્રભસૂરિ અને એમનાં સ્તોત્રોની રચના વિષે નિર્દેશ કર્યો છે.

૩ સંપૂર્ણ નામ "ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહ" છે.

૪–૫ આ બંને મારા ગુજરાતી અનુવાદ સહિત છપાયાં છે.

૬ પૃ. ૪૪ના અંતમાં "वैक्रमेऽस्ति कला॰" છપાયું છે તે "वैक्रमे स्त्री कला" જોઈએ

૭ પૃ. ૪૫ ગત "મ્લેચ્છોના આક્રમણ"થી માંડીને "ચમત્કાર" સુધીનું લખાણ એક સદ્ગત-મુનિશ્રીએ કરેલી સૂચનાને આભારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચનાથી સુભગ તેમજ પોતાના નામથી અંકિત એવાં **સાત સો સ્તોત્રો** જે જિનપ્રભસૂરિએ પોતે રચ્યાં હતા તે એમણે સોમતિલકસૂરિને ભેટ કર્યાં હતાં.

સોમધર્મગણિએ વિ. સં. ૧૫૦૩માં રચેલી **ઉપદેશસપ્તતિકા** (પૃ. ૫૮–૫૯)માં કહ્યું છે કે સુલતાનને બોધ પમાડનાર જિનપ્રભસૂરિએ ૭૦૦ સ્તોત્રો રચ્યાં હતાં.

શાન્તિચન્દ્રગણિએ વિ. સં. ૧૬૬૦માં રચેલી **પ્રમેયરત્નમંજૂષા**ની પ્રશસ્તિના પાંચમા પદ્યમાં કહ્યું છે કે પદ્માવતીના વચનથી ('તપ' ગચ્છનો) અભ્યુદય જાણી જિનપ્રભસૂરિએ પોતે રચેલાં સાત સો સ્તોત્રો ભેટ કર્યાં.

આ ત્રણ ઉલ્લેખો ઉપરથી જાણી શકાય છે કે જિનપ્રભસૂરિએ સાત સો સ્તોત્રો રચ્યાં હતાં.

**સૂચીઓ**–જિનપ્રભસૂરિકૃત સમસ્ત સ્તોત્રો પૈકી ૫૯ સ્તોત્રોનાં નામો અને એનાં પ્રતીકો તેમજ એ પ્રત્યેક સ્તોત્રની પદ્ય સંખ્યા તથા એને લગતાં પ્રકાશનોનાં નામોની સૂચી **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા. ૧)ની સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૬૫–૬૮)માં છે. મેં પણ એક સૂચી DCGCM (Vol. XVII pt. 4, pp. 11–13)માં આપી છે. એ દ્વારા મેં ૫૪ સ્તોત્રોનાં નામ, દરેકનું પ્રતીક તથા દરેકની પદ્ય સંખ્યા રજૂ કર્યાં છે.[1] એ પૂર્વે ઇ. સ. ૧૯૨૭માં પ્રકાશિત ચતુર્વિંશતિ જિનાનન્દ સ્તુતિની ભૂમિકા (પૃ. ૪૧–૪૨)માં ૫૬ સ્તોત્રોનાં નામો, એનાં પદ્ય પ્રારંભ, પદ્ય સંખ્યા અને વિશેષતા સહિત મેં નોંધ્યાં છે. વિશેષમાં અહીં મેં જિનપ્રભસૂરિના કૃતિકલાપ, એમના જીવનની ચમત્કારી ઘટનાઓ વગેરે બાબતો પણ રજૂ કરી છે.

**વૈવિધ્ય**–સ્તોત્ર એટલે ભક્તિ–રસનો ફુવારો. જિનપ્રભસૂરિએ જાતજાતનાં સ્તોત્રો રચી ભિન્ન ભિન્ન જિનેશ્વરોના ગુણોત્કીર્તન દ્વારા એમના પ્રત્યેનો પોતાનો ઉત્કટ ભાવ દર્શાવ્યો છે એ માટે એમણે કાવ્યને વાહન બનાવી સાથે સાથે કાવ્ય રસ પણ પીરસ્યો છે. આમ રચના વૈવિધ્ય ઉપરાંત એમનાં સ્તોત્રોમાં ભાષાઓનું પણ વૈવિધ્ય છે. ઉપલબ્ધ સ્તોત્રો જોતાં એમાંનાં ઘણાંખરાં સ્તોત્રો સંસ્કૃતમાં છે જ્યારે થોડાંક પાઇય (પ્રાકૃત)માં છે, વિશેષમાં એક સ્તોત્ર છ ભાષામાં છે તો એક આઠ ભાષામાં છે. આથી આપણને પ્રાકૃતના અપભ્રંશ સુધીના પ્રકારો જોવા જાણવા મળે છે,[1] અલંકારોની જેમ તેમાં પણ યમકાદિ શબ્દાલંકારોની રમઝટ પણ નજરે પડે છે. ભિન્ન ભિન્ન બંધોને પણ એઓ ભૂલ્યા નથી. છંદોની પણ વિવિધતા છે. કેટલાક છંદો તો વિરલ છે.

**મહત્ત્વ અને ઉપયોગિતા**–જિનપ્રભસૂરિકૃત સંસ્કૃત સ્તોત્રો એ ભાષા ઉપરનું પ્રભુત્વ મેળવવા માટેનું એક મહત્ત્વનું સાધન છે. એ શિષ્યાદિને સંસ્કૃતનો બોધ કરાવવા માટે અને એમણે સંપાદિત કરેલા જ્ઞાનની કસોટી કરવામાં પણ ઉપયોગી થઈ પડે તેમ છે.

**પ્રકાશન**–જિનપ્રભસૂરિનાં સ્તોત્રો એકત્રિત કરવાનો પ્રયાસ મેં આજથી પાંત્રીસેક વર્ષ ઉપર કર્યો હતો. પ્રવર્તક કાન્તિવિજયજી વગેરેના ભંડારોમાંથી હાથપોથીઓ મેળવી મેં મુદ્રણાલય પુસ્તિકા તૈયાર કરવા માંડી હતી પરંતુ એના પ્રકાશન માટે એક સંસ્થા જે તૈયાર થઇ હતી તેને એ કાર્ય કરવા આગળ જતાં લાચારી દર્શાવતાં આ કામ ચાલુ રાખવાનું મેં લગભગ માંડી વાળ્યું હતું. જેવી તેવી પણ અત્યાર સુધીમાં તૈયાર કરાયેલી

---

[1] ત્યાર બાદ પ્રસ્તુત જિનપ્રભસૂરિએ અપભ્રંશમાં રચેલી કૃતિઓનો મેં ઉલ્લેખ કર્યો છે. એ પૈકી કોઇ કોઇ કૃતિ 'આગમો'ગચ્છના દેવભદ્રસૂરિના શિષ્ય અને વિક્રમની તેરમી સદીમાં વિદ્યમાન જિનપ્રભસૂરિની કૃતિ હોય તો ના નહિ.

[1] ઋષભદેવ સ્તવ તેમજ શ્રી **અગરચંદ** નાહટાના કથન મુજબ શાંતિનાથ સ્તવન પણ ફારસીમાં છે. વળી એક દ્રાવિડ ભાષામાં હોવાનું કહેવાય છે.

**સમયસુન્દરગણિ**ના પ્રશિષ્ય **રાજસોમે ઋષભ-જિન સ્તવન** ફારસીમાં રચ્યાનું કહેવાય છે પણ એ મારા જાણવામાં આવ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

મુદ્રણાલય પુસ્તિકા (Press-copy) હજી સુધી તો સચવાઈ રહી છે પણ એ અત્યારે મારી સાથે નથી એટલે ઉપર્યુક્ત સૂચીઓમાં નિર્દેશાયેલાં સ્તોત્રો ઉપરાંતનાં કયા કયા સ્તોત્રો તેમાં છે તે વાત મારે જતી કરવી પડે છે.

જિનપ્રભસૂરિનાં સ્તોત્રો કોઈ પુસ્તકરૂપે અદ્યાપિ પ્રકાશિત કરાયાં નથી. એ તો ભિન્ન ભિન્ન પુસ્તકોમાં છપાયાં છે અને એમાંનાં કેટલાંક પુસ્તકો આજે અપ્રાપ્ય નહિ તો દુષ્પ્રાપ્ય તો છે જ. આથી પહેલી તકે એમનાં સ્તોત્રો જેટલાં મળે તેટલાં (બહુમાં બહુ સોએક મળી શકે તેમ છે) પ્રસિદ્ધ કરવાં ઘટે. સાથે સાથે એ પ્રસંગે જે અવચૂરિઓ અને ટિપ્પણ મળે છે તે તેમજ જેની જેની અવચૂરિઓ યોજવી જરૂરી જણાય તે તૈયાર કરીને ગુજરાતી અનુવાદ તેમજ બંધોને લગતાં ચિત્રો સહિત વિશિષ્ટ ઉપોદ્ઘાતપૂર્વક આ સ્તોત્ર-સાહિત્ય છપાવાશે તો લગભગ છસો વર્ષ ઉપરના સાહિત્યના ઉદ્ધારનું પુણ્ય હાંસલ કરાશે અને જૈન સાહિત્યની અભિવૃદ્ધિ કર્યાનો યશ મળશે.

(ધ્યાનનું ગૂઢ રહસ્ય : અનુસંધાન પેજ ૪૮ થી ચાલુ)

The plan of Raja Yoga is to meditate upon each chakra in turn and bring them into activity by force of will in Lay a yoga a man arouses the higher potentialities of the serpentina fire and force it through the centres one by one. The arousing of the kundalini needs a long continued effort of the will. The kundalini when aroused must be strictly controlled and it must be moved through the centres in order. No one should experiment with the awakening of the kundalini without definite instructions from the experienced teacher for the dangers connected with it are serious. One very common effect of awakening it is that it rushes dawnwords in the body instead of upwords and thus excites the most undesirable passions though the man gain certain supernatural powers such as seeing and hearing from a distance. It is said in the Hathayoga Pradipika "It (awakening of kundalini) gives liberation to yogis but bondage to fools.

# समालोचना

**(૧) ગુજરાતી સામયિકોનું પ્રદર્શન** (કલકત્તા) :—સને ૧૯૬૫માં ગુજરાતી ભાષામાં ૪૭૭ સામયિકો પ્રકાશિત થયાં હતાં. ચાલુ સમાચાર, સામાજિક, જ્ઞાતિ છાપાં અને ટૂંકી વાર્તાઓ અને નવલિકાના સામયિકોનો અભાવ નથી. પ્રદર્શનમાં લગભગ બધા સામયિકો મૂકવામાં આવ્યા હતા. ગુજરાતી પત્રકારો તેમ જ લેખકોની છબીઓ તેમ જ સામયિકો અંગેના આંકડાઓ દર્શાવતા ચાર્ટો અને અન્ય માહિતીઓના ચાર્ટો મૂકવામાં આવ્યા હતાં. આવું પ્રદર્શન ભાવનગર જેવા શહેરોમાં યોજવામાં આવે તો લાભદાયી નીવડે અને સામયિકો અંગે પ્રજનમાં જાગૃતિ લાવી શકાય. પ્રદર્શનની કમિટિ તરફથી એક સોવેનિયર છપાવવામાં આવેલ છે. તેમાં ગુજરાતમાં પ્રકાશિત થતાં સામયિકોની યાદી આપેલ છે.

(૨) ભવવિરહાંક શ્રીમદ્ હરિભદ્રસૂરિ વિરચિત **સમરાદિત્ય મહાકથા** :—શ્રી આનંદ-હેમ-ગ્રંથ-માળા પુષ્પ ૧૧મું. અનુવાદક : આ. શ્રી હેમસાગરસૂરિ. કિંમત રૂા. ૧૦ પ્રાપ્તિસ્થાન—શ્રી ધનજીભાઈ દેવચંદ ઝવેરી, ૫૦/૫૪ મીરઝા સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઈ-૩.

(અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય—ભાવનગર

For Private And Personal Use Only